**નવસારી કૃષિ યુનિવર્સિટીના કર્મચારીઓના અંગત ઉપયોગ માટે કૃષિકાર ભવનોના રૂમો, રસોડા તથા પટાંગણની ફાળવણી માટેના નિયમો મંજૂર કરવા બાબત...**

# –ઃ જાહેરનામું નં. ૨/૨૦૧૮ ઃ–

આથી સંબંધકર્તા સર્વેને જાણ કરવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટીની વિસ્તરણ શિક્ષણ પરિષદની દસમી બેઠક તા.૨૦/૦૭/૨૦૧૮ના રોજ નવસારી ખાતે મળેલ હતી, જેની કાર્યનોંધના મુદ્દા નં. ૧૦.૪ થી નીચેની વિગતે ઠરાવ કરેલ છે.

***આથી ઠરાવવામાં આવે છે કે,***

**"નવસારી કૃષિ યુનિવર્સિટીના કર્મચારીઓના અંગત ઉપયોગ માટે કૃષિકાર ભવનોના રૂમો, રસોડા તથા પટાંગણની ફાળવણી માટેના નીતિ–નિયમો આ સાથે સામેલ પરિશિષ્ટ–૨ મુજબ સર્વાનુમતે મંજૂર કરવામાં આવે છે અને તેનો તાત્કાલિક અસરથી અમલ કરવાનો રહેશે."**

જા.નં. નકૃયુ/વિશિનિ/વિશિપ–૧૦/ટી–૧/વેબ–૨૯ /૨૦૧૮
નવસારી તા. ૩૧/૦૭/૨૦૧૮

(જી.આર.પટેલ)
વિસ્તરણ શિક્ષણ નિયામક
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

<u>નકલ સવિનય રવાના પ્રતિ</u> :

૧. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ થવા સારું.
૨. નવસારી કૃષિ યુનિવર્સિટીની વિસ્તરણ શિક્ષણ પરિષદના તમામ સભ્યશ્રીઓ તરફ જાણ થવા સારું.
૩. નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ થવા સારું.

<u>નકલ જયભારત સહ રવાના પ્રતિ</u> :

૧. નવસારી કૃષિ યુનિવર્સિટી હેઠળના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ થવા સારું.
૨. મદદનીશ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રી(સંકલન), સરદાર સ્મૃતિ કેન્દ્ર, નકૃયુ, નવસારી તરફ તથા અમલ થવા સારું.

# <u>પરિશિષ્ટ–ર</u>

## નવસારી કૃષિ યુનિવર્સિટીના કર્મચારીઓના અંગત ઉપયોગ માટે કૃષિકાર ભવનોના રૂમો, રસોડા તથા પટાંગણની ફાળવણી માટેના નિયમો

(૧) યુનિવર્સિટીના સ્ટાફને કૃષિકાર ભવનની નીચે દર્શાવેલ સુવિધાઓ નિયત કરેલ ભાડા/દરથી નિયમોને આધિન રહીને આપી શકાશે.

| અ.નં. | સગવડનો પ્રકાર | સ્થળ (કૃષિકાર ભવન) |
|---|---|---|
| ૧. | સ્ટાફના સગા–સબંધીઓ માટે રૂમોમાં રહેવાની વ્યવસ્થા | : બલરામ કૃષિકાર ભવન ખાતે |
| | | : સરદાર કૃષિકાર ભવન ખાતે |
| | | : શાસ્ત્રી કૃષિકાર ભવન ખાતે |
| ર. | રસોડાની સગવડ | : બલરામ કૃષિકાર ભવન ખાતે |
| | | : સરદાર કૃષિકાર ભવન ખાતે |
| ૩. | મંડપ માટે પટાંગણની સગવડ | : બલરામ કૃષિકાર ભવન ખાતે |

(ર) યુનિવર્સિટી તથા સરકારશ્રીનો કોઈ કાર્યક્રમ ન હોય ત્યારે જ યુનિવર્સિટીના સ્ટાફને "વહેલો તે પહેલો" ના ધોરણે ઉપર્યુકત સુવિધાઓ નિયત કરેલ ભાડું લઈને ફાળવી શકાશે.

(૩) યુનિવર્સિટીના કર્મચારીઓએ પોતાના કુટુંબના પ્રસંગ માટે જ આ સુવિધાઓનો ઉપયોગ કરવાનો રહેશે. જો કોઈ કર્મચારી પોતાના નામે યુનિવર્સિટી બહારની વ્યકિત માટે આનો દૂરોપયોગ કરતા હોવાનું જણાશે તો તે કર્મચારી પાસેથી નિયત દર કરતાં બે ગણું ભાડું વસુલવામાં આવશે તથા તેઓને ત્યારબાદ કયારેય કૃષિકાર ભવનની સુવિધાઓ ફાળવી શકાશે નહિ.

(૪) યુનિવર્સિટીના કર્મચારીઓના સગા–સબંધીઓને સવારમાં ફકત સ્નાન–શૌચાદિ ક્રિયાના હેતુસર રૂમો ફાળવવામાં આવે તો નિયત કરેલ ચાર્જના ૫૦ % ચાર્જ લેવાનો રહેશે. આ રોકાણ દિવસના પાંચ કલાકથી વધી જાય તો પુરેપુરો ચાર્જ લેવાનો રહેશે.

(૫) અનિવાર્ય સંજોગોમાં વ્યવસ્થાપનની પ્રતિકૂળતાના કારણોસર કૃષિકાર ભવનના ઈન્ચાર્જ અધિકારી આવી સુવિધાઓ ફાળવવાની ના પાડે તો આ માટે કોઈનો હકક દાવો રહેશે નહીં, કેમ કે આવી સુવિધાઓ આપવાની યુનિવર્સિટીની કોઈ જવાબદારી બનતી નથી.

(૬) કૃષિકાર ભવનના મકાનની અંદર કે બહારના પટાંગણમાં કોઈપણ પ્રકારના ધાર્મિક કાર્યક્રમો જેવા કે; કથા, યજ્ઞ, ધુન, ગરબા, ધાર્મિક સભાઓ, ધાર્મિક વિધી વિધાનો વિ. તેમ જ સામાજીક પ્રસંગો જેવા કે; ચાંદલા વિધી, માંડવા વિધી, લગ્નના ગીત–ગરબા, લગ્નવિધી, શ્રીમંતવિધી, કેક કાપીને જન્મ દિવસની ઉજવણી, બેસણું વિ. માટે કૃષિકાર ભવનની સુવિધાઓ ફાળવી શકાશે નહિ.

(૭) કૃષિકાર ભવનના પટાંગણમાં આયોજીત કાર્યક્રમ વખતે જો સાઉન્ડ સીસ્ટમ (લાઉડ સ્પીકર)નો ઉપયોગ કરવાનો થાય તો આજુબાજુના સ્ટાફ કવાર્ટર્સ/રહેણાંક વિસ્તારને ખલેલ ન પહોંચે તે રીતે ઉપયોગ કરવાની શરતે ફાળવી શકાશે. પોલીસ ખાતાના (વખતોવખતના) નિયમોને આધિન રાત્રિના ૧૦.૦૦ કલાક પછી સાઉન્ડ સીસ્ટમ (લાઉડ સ્પીકર)નો ઉપયોગ કરી શકાશે નહિં.

(૮) મંડપ ફકત બલરામ કૃષિકાર ભવનના પટાંગણમાં જ બાંધી શકાશે, સરદાર કૃષિકાર ભવન અને શાસ્ત્રી કૃષિકાર ભવનનું પટાંગણ મંડપ બાંધવા માટે ભાડેથી આપી શકાશે નહિં.

(૯) કાર્યક્રમ દરમ્યાન પીવાના તથા વાપરવાના પાણીની સગવડ, રસોડું/પટાંગણ ભાડે રાખનાર જે તે કર્મચારીએ પોતાના સ્વખર્ચે કરવાની રહેશે.

(૧૦) કૃષિકાર ભવન તરફથી ફકત જરૂર મુજબના એલ.ઈ.ડી. બલ્બ અને ઈલેકટ્રીક પંખા ચલાવવા માટે જ મર્યાદિત પ્રમાણમાં વીજ પુરવઠો આપવામાં આવશે. હાઈ વોલ્ટેજ વિદ્યુત ઉપકરણો જેવા કે, ટાવર એ.સી., ડીપ ફ્રીઝ, ફલડ લાઈટ વિ. માટે જે તે કર્મચારીએ પોતાની રીતે ટેમ્પરરી વિદ્યુત મીટર લેવાનું રહેશે અથવા યુનિવર્સિટી સૂચવે તે મુજબ વિદ્યુત યુનિટના વપરાશની અલગથી ગણતરી કરીને વધારાનો ચાર્જ ભરવાનો રહેશે.

(૧૧) કૃષિકાર ભવનના પટાંગણ/રસોડા ખાતે જે દિવસે ભોજન સમારંભ હોય તે દિવસનું જ ભાડું ગણતરીમાં લેવાનું રહેશે. જો કાર્યક્રમ બે દિવસનો હોય તો બે દિવસનું જ ભાડુ વસુલ કરવાનું રહેશે.

(૧૨) કાર્યક્રમ પૂર્ણ થયે કૃષિકાર ભવનના પટાંગણ/રસોડાની સાફ–સફાઈની સંપૂર્ણ જવાબદારી સુવિધા ભાડે લેનાર જે તે કર્મચારીની રહેશે.

(૧૩) કૃષિકાર ભવનની સુવિધાઓ ભાડેથી લેનાર સ્ટાફ કર્મચારી દ્વારા તૈયાર કરવામાં આવેલ મંડપમાં કે ભોજન વ્યવસ્થામાં આગ, ચોરી, વરસાદ, ઈલેકટ્રીક શોટ સર્કીટ, ફુડ પોઈઝનિંગ કે કુદરતી હોનારતથી નુકશાની કે જાન માલની હાનિ થાય તો તે માટે યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહિ.

(૧૪) કાર્યક્રમ પૂરો થતા નિયમ મુજબના ભાડા/ચાર્જ ની તાત્કાલિક ભરપાઈ કરવાની રહેશે.

(૧૫) કૃષિકાર ભવનની ઉપર્યુકત સુવિધાઓની ફાળવણી કરતાં પહેલાં વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની પૂર્વ મંજૂરી લેવાની રહેશે.

(૧૬) ખેડૂતોપયોગી વિસ્તરણ પ્રવૃત્તિઓના હિત સાથે સંકળાયેલ કોઈપણ સરકારી/સહકારી/સ્વૈચ્છિક સંસ્થા કે વ્યકિતને ઉપર્યુકત સુવિધાઓ મદદનીશ વિસ્તરણ શિક્ષણશાસ્ત્રી(સંકલન)ની ભલામણથી વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી વિનામૂલ્યે ફાળવી શકશે.

(૧૭) યુનિવર્સિટીના હિત સાથે સંકળાયેલ કોઈપણ સરકારી/સહકારી/સ્વૈચ્છિક સંસ્થા કે વ્યકિતને ઉપર્યુકત સુવિધાઓ વિનામૂલ્યે ફાળવવાની સંપૂર્ણ સત્તા વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની ભલામણથી માન.કુલપતિશ્રી પાસે અબાધિત રહેશે.

(૧૮) કૃષિકાર ભવનની સુવિધાઓ ભાડેથી આપવાનો હેતૂ વાણિજયક (Commercial) નથી પરંતુ સ્ટાફને ઘરઆંગણે સગવડતા ઉપલબ્ધ કરાવવાનો હોઈ દરેકે સહકાર અને સૌજન્યપૂર્ણ વ્યવહારથી સુવિધાનો ઉપયોગ કરવાનો રહેશે, અન્યથા કાયમી ધોરણે આ સવલત બંધ કરવાની રહેશે.

સ્થળ : નવસારી
તારીખ : ૩૧/૦૭/૨૦૧૮

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–